# સુરત મહાનગરપાલિકા

## પાણી સમિતિ

### સુ ચ ના

સુરત મહાનગરપાલિકાની **પાણી સમિતિની** એક સભા **તા.૧૫–૦૪–૨૦૨૫** ના રોજ સાંજના **૪–૦૦ કલાકે** મહાનગરપાલિકા કચેરીના નવા એનેક્ષી બિલ્ડીંગના **"સ્થાયી સમિતિ સભાખંડ"** માં નીચે જણાવેલ કામો પર વિચારણા કરવા સારૂ મળશે.

૧. મ્યુ.ક.શ્રીનો તા.૮–૧–૨૦૨૫ નો પત્ર, સાઉથ વેસ્ટ ઝોન વિસ્તારમાં પાણી પુરવઠો પુરો પાડવાના કામે માસિક ઈજારાથી ત્રણ વર્ષની મુદત માટે સ્લુઝ વાલ્વ / બટરફલાય વાલ્વ ઓપરેટ કરવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર ડી. આર. કાલપાંડે, સુરતનું માસિક રૂા.૫૯,૪૭૨/– લેખે ત્રણ વર્ષ માટે રૂા.૨૧,૪૦,૯૯૨/– ના ખર્ચનું ટેન્ડર કબુલ રાખવા તથા તેઓ સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૨. મ્યુ.ક.શ્રીનો તા.૪–૩–૨૦૨૫ નો પત્ર, સાઉથ ઝોન–બી, સચીન રેલ્વે અંડરપાસથી જુદા જુદા વિસ્તારમાં પાલી, ઉભેર, તલંગપોર ખાતે આવેલ અંડરગ્રાઉન્ડ સમ્પમાં ટ્રાન્સમીશન લાઈન નાંખવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી ક્વોલીફાય થયેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર દિનેશ આર. મૌર્યા, સુરતને રૂા.૨૪,૮૧,૫૯૧–૨૬ થી ભાવોભાવ એટલે કે રૂા.૨૪,૮૧,૫૯૧–૨૬ ના ખર્ચે ઉક્ત કામ સોંપવા તથા જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવા અંગે યોગ્ય નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૩. મ્યુ.ક.શ્રીનો તા.૧૮–૩–૨૦૨૫ નો પત્ર, ન્યુ નોર્થ ઝોનમાં સમાવિષ્ટ મોટા વરાછા, ઉત્રાણ વિગેરે વિસ્તારની તમામ ઓવરહેડ ટાંકી હેઠળના પાણી પુરવઠાના હયાત નેટવર્કમાં સ્ટ્રેન્ધનીંગ અર્થે વિવિધ વ્યાસની જરૂરી ડી.આઈ.સી.એલ.ની પાણી પુરવઠાની નળીકા નાંખવાનું મજુરી કામ સ્થા.સ.ઠ.નં.૯૭૬/૨૦૨૪ થી મંજુર થયેલ યુનિટ રેઈટ, શરતો અને સ્પેશીફીકેશનને આધિન કરવા એમ્પેનલ યાદી અંતર્ગત કુલ–૫૨ ઈજારદારો પૈકી કોઈપણ એક ઈજારદારને ઉક્ત કામ અંદાજી રકમ રૂા.૨૧,૭૩,૦૦૬–૭૬ થી ૧૫% ઉંચા ભાવે એટલે કે રૂા.૨૪,૯૮,૯૫૭–૭૭ ના ખર્ચે સોંપવા તથા ઈજારદાર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૪. મ્યુ.ક.શ્રીનો તા.૧૦–૧–૨૦૨૫ નો પત્ર, સાઉથ ઈસ્ટ ઝોન, પ્રિ.ટી.પી. સ્કીમ નં.૪૧ (ડીંડોલી), ફા.પ્લોટ નં.૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨ માં આવેલ શિવહીરાનગર સોસાયટીના રસ્તાઓ ઉપર પાણી પુરવઠાની નળીકા નાંખવાના રૂા.૧૭,૨૫,૭૦૦/– ના નેટ તથા રૂા.૧૭,૬૧,૦૦૦/– ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૫. મ્યુ.ક.શ્રીનો તા.૪–૨–૨૦૨૫ નો પત્ર, પૂર્વ ઝોન–એ, ફા.ટી.પી. સ્કીમ નં.૪ (અશ્વનીકુમાર–નવાગામ), ફા.પ્લોટ નં.૮૨/એ, ૮૨/બી અને ૮૬ માં આવેલ અજન્ટા ડાયમંડ ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ. સોસાયટી લિ.ના રસ્તા ઉપર નવી પાણીની ૧૦૦/૧૫૦ મી.મી. વ્યાસની પાણીની નળીકા નાંખવાના રૂા.૧૭,૪૨,૦૦૦/– ના નેટ તથા રૂા.૧૭,૭૭,૦૦૦/– ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૬. મ્યુ.ક.શ્રીનો તા.૩–૪–૨૦૨૫ નો પત્ર, સરથાણા વોટર વર્કસ ખાતે આવેલ ૧૫૦ એમ.એલ.ડી. ક્ષમતાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ન્યુમેટીક બટરફલાય વાલ્વોના સ્થાને નવા ઈલેકટ્રીકલ એકચ્યુએટર ઓપરેટેડ બટરફલાય વાલ્વો બદલી કરી કાર્યરત કરવાના રૂા.૨,૨૩,૫૧,૯૦૦/– (જી.એસ.ટી. અલગથી) ના નેટ તથા રૂા.૨,૩૯,૧૭,૦૦૦/– ના ગ્રોસ અંદાજ મંજુર કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

આ દે શ થી,

Sonje. m.l.
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા

મહાનગરપાલિકા કચેરી,
સુરત, તા.૦૯–૦૪–૨૦૨૫

*A. K. DESAI*